

# કેન્સર નિવારણની નવી ટેકનિક પર રિસર્ચ માટે IITની સ્ટુડન્ટસને ફેલોશિપ

આઈઆઈટી, ગાંધીનગરની સ્ટુડન્ટ નેહા માનવને ઈન્ડો-કેનેડિયન શાસ્ત્રી રિસર્ચ ફેલોશિપ એવોર્ડ એનાયત કરાયો છે, જે અંતર્ગત નેહા માનવ કેનેડાની યુનિવર્સિટી ઓફ ટોરેન્ટોમાં ૨૯ અઠવાડિયા સુધી મેડિકલ બાયોફિઝિક્સ વિભાગમાં અભ્યાસ કરશે. તે 'પોર્ફિરિન-લિપિડ કોન્જુગેટ્સ : અપ્રોચ ટુવર્ડ ડેવલપિંગ કેન્સર થેરાનોસ્ટિક' રિસર્ચ પર કામ કરશે. પ્રોજેક્ટ અંતર્ગત કેન્સરની ટ્રીટમેન્ટને વધારે આધુનિક બનાવવાનો છે. ફેલોશિપ વિશે વાતચીતમાં નેહાએ કહ્યું કે, વર્તમાન સમયમાં ફોટોડાયનેમિક થેરાપી કેન્સરની સારવાર માટે ખૂબ જાણીતી છે. પરંતુ આગામી બે દાયકામાં કેન્સરથી થતા મૃત્યુમાં ૭૦ ટકા વધારો થવાની સંભાવના છે. જેના માટે બાયોકોમ્પિટેબલ અને સિલેક્ટિવ ફોટોસેન્સિટાઇઝર પર ફોકસ કરવું ભવિષ્ય માટે ફાયદાકારક સાબિત થશે.

**Title:** IITGN student awarded fellowship to research on new technique for cancer treatment
**Source:** Gujarat Samachar (Plus, Pg. No. 03)
**Link:** http://gujaratsamacharepaper.com/nd/gsnews2.php?pageid=GUJARAT_GSP_20180928_3
**Date:** 28-09-2018